## સામાન્ય સભા ઠરાવ નં-૯૫ તા.૧૫-૦૨-૨૦૧૬

***************************************************************

બાબત:-

રૂલને કલમ–૭ મુજબ ગત તા.૨૭/૦૧/૨૦૧૬ની મીટીંગનું પ્રોસિંડીંગ જાણમાં લઈ મંજુર કરવા બાબત.

ઠરાવ:-

ગત તારીખ.૨૭-૦૧-૨૦૧૬ની મીટીંગના પ્રોસીડીંગ બાબતે સભ્યશ્રી દીપકભાઈ સોની સહીત અન્ય ૮-સભ્યશ્રીઓનો લેખીત વાંધો રજુ કર્યો, ચર્ચા-વિચારણાના અંતે તા.૨૭/૧/૨૦૧૬નું પ્રોસીડીંગ વધુ મતે મંજુર કરવા ઠરાવવામાં આવેલ છે.

## સામાન્ય સભા ઠરાવ નં-૯૬ તા.૧૫-૦૨-૨૦૧૬

***************************************************************

બાબત:- નગરપાલિકા,ગોધરાનુ સને-૨૦૧૬-૧૭નું અંદાજપત્ર મંજુર કરવાનું કામ.

ઠરાવ:-નગરપાલિકા ગોધરાનું સને-૨૦૧૬-૧૭ના વર્ષનું અંદાજપત્ર સર્વાનુમતે મંજુર કરવા ઠરાવવામાં આવે છે.

## સામાન્ય સભા ઠરાવ નં-૯૭ તા.૧૫-૦૨-૨૦૧૬

***************************************************************

બાબત:-

ખેતીવાડી ઉત્પન બજાર સમીતી ગોધરાની સામાન્ય ચુંટણી-૨૦૧૩ અંગે ચુંટણી અધિકારી અને જીલ્લા રજીસ્ટાર સહકારીમંડળીઓ ગોધરાના પત્ર નંબર-બસર/૦૧/ગ-૧/૫૧/૩૧૩૨/૨૦૧૪ તા.૯/૧/૨૦૧૪ના અનુસંધાને ખેતીવાડી ઉત્પન બજાર સમિતી ગોધરામાં પ્રતિનિધી તરીકે ગોધરા નગરપાલિકાના ચુંટાયેલ સભ્યશ્રીઓ પૈકી એક-સભ્યનુ નામ મોકલવા માટે અગાઉની સામાન્ય સભા ઠરાવ નં-૧૧૭ તા.૩૦/૦૧/૨૦૧૪થી સભ્યશ્રી. ડૉ.શ્યામસુંદર બાલકૃષ્ણ શર્માને પ્રતિનિધી તરીકે નિમણુંક કરેલ હતી. પરંતુ હાલમાં થયેલ નગરપાલિકા,ગોધરાની સામાન્ય ચુંટણી-૨૦૧૫માં સભ્ય તરીકે શ્રી. ડૉ.શ્યામસુંદર બાલકૃષ્ણ શર્મા ચુંટાયેલ ન હોય નવીન ચુંટાયેલ સભ્યશ્રીઓ પૈકી કોઇ એક-સભ્યશ્રીનુ નામ બજાર સમિતીમાં પ્રતિનિધી તરીકે મોકલવા બાબત.

દરખાસ્ત:- તા.૧૫/૦૨/૨૦૧૬

પ્રતિ,

પ્રમુખશ્રી.

નગરપાલિકા,ગોધરા,

વિષય:- આજની સામાન્ય સભાના એજન્ડાના કામ નં-3 બાબત.

સવિનય જણાવવાનું કે આજની સભાના એજન્ડાના કામ નં-3માં જણાવ્યા મુજબ ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ગોધરામાં પ્રતિનિધી તરીકે નગરપાલિકા,ગોધરામાં ચુંટાયેલા સભ્યશ્રીઓ પૈકી સભ્યશ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણીનુ નામ નક્કી કરવા અમારી દરખાસ્ત છે.

દરખાસ્ત કરનાર:-એમ.એ.કલંદર

ટેકો આપનાર:- ઇલ્યાસ ચાંદા

ઠરાવ:-

દરખાસ્ત સર્વાનુમતે મંજુર કરવામાં આવે છે અને ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ ગોધરામાં શ્રી.ગંગારામ જેઠાનંદ હરવાણીને પ્રતિનિધી તરીકે મુકવા ઠરાવવામાં આવે છે.

સહી

પ્રમુખ

નગરપાલીકા,ગોધરા

ખરી નકલ

મુખ્ય અધિકારી

નગરપાલિકા,ગોધરા